| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨–૦૧–૨૦૧૯ | | |
| નોંધ્યા તારીખ | ૦૨–૦૧–૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૨૨–૦૭–૨૦૧૯ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૨૦ |

==================================================

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મેટ્રો. મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૫, અમદાવાદ**

==================================================

**ક્રિમીનલ કેસ નં. ૩૮૭/૨૦૧૯**

**આંક :–**

**ફરીયાદી** **:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ...**

**આરોપી** **:–** ૧.અજયભાઈ અમૃતભાઈ મકવાણા, ઉ.વ.૨૪,

૨.પુષ્પાબેન વા/ઓ રોહીતભાઈ અમૃતભાઈ મકવાણા,ઉ.વ.૨૩,

બંને રહે. નાડીવાસ, ગોમતીપુર, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી જયેશ યાદવ

બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી એસ.જી.ઓઢવેલ

---

**આરોપ –** ઈ.પી.કોડ કલમ ૩૨૩, ૩૩૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ...

## ચુ કા દો

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે, આ કામના આરોપી નં. ૧ અને નં.૨ નાઓ તે આ કામના ફરીયાદી મનિષાબેન ડો/ઓ અમૃતભાઈ લક્ષ્મણભાઈ મકવાણાના અનુક્રમે ભાઈ અને ભાભી થાય છે. તા. ૦૩.૦૮.૨૦૧૮ ના કલાક ૧૬.૦૦ વાગે આ કામના ફરીયાદી ગોમતીપુર પુષ્પ એસ્ટેટ ખાતે નોકરી ઉપર હાજર હતા તે વખતે આ કામના આરોપીઓ ફરીયાદી પાસે ગયેલા અને આરોપી નં.૨ નાએ ફરીયાદી પાસે મોબાઈલ ફોન માંગતાં ફરીયાદીને પોતાની પાસે મોબાઈલ ફોન નહી હોવાનું જણાવતાં આરોપી નં.૧ નાએ ફરીયાદીને ઘરે આવવા જણાવતાં ફરીયાદીએ ના પાડતાં આરોપી નં.૧ નાએ ફરીયાદીને ગંદી ગાળો બોલી માથાના વાળ પકડી ગડદાપાટુનો માર મારી જમીન પર પાડી ઈંટ માથામાં કપાળના ભાગે મારી ઈજા કરતાં સદર બનાવ બાબતે ફરીયાદીએ ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ફરીયાદ આધારે ગોમતીપુર પોલીસ સ્ટેશને ફર્સ્ટ ગુના રજી.નં.૧૦૩/૨૦૧૮, ઈ.પી.કોડ કલમ ૩૨૩, ૩૩૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો નોંધી ફરીયાદી તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા, પંચો રૂબરૂ પંચનામું કરેલું અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલું.

(૨) આ કામે ત.ક.અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં આરોપીઓ જામીન મુક્ત હોઈ આરોપીઓને સમન્સ ઈશ્યુ કરતાં આરોપીઓ તેમના વિ. વકીલશ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ-૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે મળ્યા બદલની ખાતરી કર્યા બાદ આંક ૫ અને ૬ થી આરોપીઓની પ્લી લેતાં આરોપીઓએ સદરહું ગુનો કર્યાનો ઈન્કાર કરતાં ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે.

| અનું.નં. | મૌખિક તથા દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી મનિષાબેન અમરતભાઈ મકવાણાની જુબાની | ૦૭ |
| ૨. | ફરીયાદની નકલ | ૦૮ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૪. | ફરીયાદીના સારવાર સર્ટીફીકેટની નકલ | ૧૦ |
| ૫. | હથિયાર બંધી અંગેના જાહેરનામાની નકલ | ૧૧ |
| ૬. | કલોઝીંગ પુરસીસ | ૧૨ |

(૪) ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ આરોપીઓનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ન હોઈ ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ સરકાર તરફે એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે નીચે મુજબના મુદ્દા મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૩.૦૮.૨૦૧૮ ના કલાક ૧૬.૦૦ વાગે આ કામના ફરીયાદી ગોમતીપુર પુષ્પ એસ્ટેટ ખાતે નોકરી ઉપર હાજર હતા તે વખતે આ કામના આરોપીઓ ફરીયાદી પાસે ગયેલા અને આરોપી નં.૨ નાએ ફરીયાદી પાસે મોબાઈલ ફોન માંગતાં ફરીયાદીને પોતાની પાસે મોબાઈલ ફોન નહી હોવાનું જણાવતાં આરોપી નં.૧ નાએ ફરીયાદીને ઘરે આવવા જણાવતાં ફરીયાદીએ ના પાડતાં આરોપી નં.૧ નાએ ફરીયાદીને ગંદી ગાળો બોલી માથાના વાળ પકડી ગડદાપાટુનો માર મારી જમીન પર પાડી ઈંટ માથામાં કપાળના ભાગે મારી ઈજા કરેલી અને આમ કરી આરોપીઓએ એક બીજાની મદદગારીમાં ઈ.પી.કોડ કલમ ૩૨૩, ૩૩૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં.
૨. આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

**મુદ્દા નં. ૧ :-**

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી મનિષાબેન અમરતભાઈ મકવાણાને આંક ૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર ફરીયાદી તેમની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવે છે કે, બનાવ એકાદ વર્ષ પહેલાં પુષ્પક એસ્ટેટ પાસે બનેલો. બનાવ સમયે તેઓ બપોરના ચારેક વાગે પુષ્પક એસ્ટેટમાં કામ પર જતાં હતાં તે સમયે તેમનો ભાઈ અજય તથા તેમની ભાભી પુષ્પાબેન બંને જણા આવેલા અને તેમની પાસે મોબાઈલ ફોન માંગતાં તેમની પાસે નહી હોવાનું કહેતાં આ બંને જણા ઉશ્કેરાઈ ગયેલા અને તેમની સાથે સામાન્ય બોલાચાલી કરેલી. આ સિવાય બીજુ કઈ બનેલું નહી. બનાવ સમયે બુમાબુમ થતાં ધક્કામુક્કીમાં તેમને પડી જવાથી માથાના ભાગે ઈજા થયેલી. જેથી તેમના ભાઈ-ભાભીએ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સીવીલ હોસ્પીટલમાં મોકલી આપેલ, જ્યાં ફરજ પરના ગોમતીપુર પોલીસ સ્ટેશનના પોલીસ અમલદારે તેમની ફરીયાદ લીધેલી. જે ફરીયાદી તેમને બતાવવામાં આવતાં તેમાં ફરીયાદી તરીકે તેમની સહી ઓળખી બતાવતા હોય તે ફરીયાદ આંક ૮ થી રજુ રાખેલ છે.

આમ ફરીયાદી ફરીયાદ પક્ષના કેસ મુજબની જુબાની રજુ રાખતા ન હોઈ એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેમને વિમુખ જાહેર કરેલા છે અને એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને ઉપયોગી કોઈ ફળદાયી હકીકતો કબુલ રાખતા નથી.

ત્યારબાદ બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, આરોપીએ તેમને

કોઈ માર મારેલ નથી કે ગંદી ગાળો બોલેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ તેમને છુટ્ટી ઈંટ મારેલ નથી.

આમ સદરહુ ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેતાં તેઓ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થનકારી પુરાવો રજુ રાખતા નથી અને તેમની જુબાનીથી આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ ફરીયાદીનો પુરાવો આ કામના આરોપીઓને તેમની સામેના ગુના સાથે સાંકળવા મદદરૂપ નીવડે તેમ નથી.

(૯) આ કામે ફરીયાદ પક્ષે બચાવ પક્ષની સંમતિથી આંક ૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે, પરંતુ ફરીયાદ પક્ષે સદર પંચનામાના પંચ સાહેદોને તપાસી તેના કન્ટેન્સ પુરવાર કરેલા નથી ત્યારે સદર દસ્તાવેજી પુરાવો પણ આ કામના આરોપીને તેમની સામેના ગુના સાથે સાંકળવા મદદરૂપ નીવડે તેમ નથી. તેવી જ રીતે, ઈજા પામનાર ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ આંક ૧૦ થી બચાવ પક્ષની સંમતિથી રજુ થયેલ છે, પરંતુ થયેલ ઈજાઓ બાબતે સદરહું મેડીકલ સર્ટીફીકેટ ઈસ્યુ કરનાર ડોક્ટરશ્રીને સોગંદ ઉપર તપાસી તેના કન્ટેન્સ પુરવાર કરેલા નથી. આ કામે ખુદ ફરીયાદી આ કામના આરોપીઓએ તેમને કોઈ ઈજા પહોંચાડેલી હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી ત્યારે સદર દસ્તાવેજી પુરાવો પણ આ કામના આરોપીઓને તેમની સામેના ગુના સાથે સાંકળવા મદદરૂપ નીવડે તેમ નથી. તેમજ સ્થાપિત ચુકાદાના સિધ્ધાંતો મુજબ પણ બચાવ પક્ષની સંમતિથી રજુ થયેલા દસ્તાવેજી પુરાવા સક્ષમ સાહેદોને તપાસીને તેના કન્ટેન્સ પુરવાર કરવા જોઈએ, જેને રજુ કરવા માત્રથી સાબીત માની શકાય નહી. આમ સદર દસ્તાવેજી પુરાવો પણ આ કામના આરોપીઓને તેમની સામેના ગુના સાથે સાંકળવા મદદરૂપ નીવડે તેમ નથી.

(૧૦) આમ, તા.૦૩.૦૮.૨૦૧૮ ના કલાક ૧૬.૦૦ વાગે આ કામના ફરીયાદી ગોમતીપુર પુષ્પ એસ્ટેટ ખાતે નોકરી ઉપર હાજર હતા તે વખતે આ કામના આરોપીઓ ફરીયાદી પાસે ગયેલા અને આરોપી નં.૨ નાએ ફરીયાદી પાસે મોબાઈલ ફોન માંગતાં

ફરીયાદીને પોતાની પાસે મોબાઈલ ફોન નહી હોવાનું જણાવતાં આરોપી નં.૧ નાએ ફરીયાદીને ઘરે આવવા જણાવતાં ફરીયાદીએ ના પાડતાં આરોપી નં.૧ નાએ ફરીયાદીને ગંદી ગાળો બોલી માથાના વાળ પકડી ગડદાપાટુનો માર મારી જમીન પર પાડી ઈંટ માથામાં કપાળના ભાગે મારી ઈજા કરેલી અને આમ કરી આરોપીઓએ એક બીજાની મદદગારીમાં ઈ.પી.કોડ કલમ ૩૨૩, ૩૩૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો હોય તેવું ફરીયાદ પક્ષ સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

- ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આ કામના આરોપીઓને ઈ.પી.કોડ કલમ ૩૨૩, ૩૩૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપોમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ હથિયારનો અપીલ સમય વિત્યે નાશ કરવો.
- આરોપીના ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ ૪૩૭(ક) અન્વયે અપીલ સમય સુધીના રૂ. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) જામીન તથા જાત મુચરકો લેવામાં આવેલ છે.

હુકમ આજ રોજ તા. ૨૨, માહે જુલાઈ, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
મેટ્રોપોલીટન મેજી.કોર્ટ નં.૨૫
અમદાવાદ.
(Judge Code No.GJ01073)

અમદાવાદ.
તા. ૨૨.૦૭.૨૦૧૯